## કુદરતનો કમાલ કે પછી ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસર વૃક્ષો પર ?



**કુદરત તારી લીલા** - આજના આધુનિક જમાનામાં માનવી હરળફાળ પ્રગતિ કરી રહ્યો છે. સમગ્ર દુનિયાના દેશો એકબીજાને પછાડવા અને દુનિયામાં પોતાનું સ્થાન અગ્રેસર બનાવવા પરમાણુ પરીક્ષણ અને વિવિધ કેમિકલો શોધ કરી રહ્યા છે. જેથી દુનિયાના સ્વચ્છ વાતાવરણ પર આની વિપરતી અસર થઈ હોય તેવું લાગી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગની અસર મનુષ્ય, પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષો પર પણ જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લા મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કાર્તિકેય સોસાયટીના એક ઘર આગળ વાવેલા આંબા પર ભર ચોમાસાની ઋતુમાં આંબે મોર આવ્યા બાદ કેરીઓના ઝુમખા લચી પડેલા જોઈને ઘરમાલિક અને અહિંથી પસાર થનાર નગરજનોના ડગલા આંબા પર લચી પડેલા કેરીઓના ઝુમખાઓને જોઈને અચરજ પામે છે. કુદરતનો કરિશ્મા અને કુદરતી હોનારત આ બંને પર માત્ર કુદરતનો જ અધિકાર છે. આ બંને ઘટનાઓમાં માનવીની લાચારી ઉભરી આવે છે. લગભગ અડધે ચોમાસે આંબા પર મોર અને પછી કેરીઓના ઝુમખા દેખાય છે. હે કુદરત તારી લીલા અપરંપાર છે તેવું કહેવાનું મન થાય... **તસવીર : જય અમીન, મોડાસા**

# મજરા દૂધમંડળીમાં સેક્રેટરી દ્વારા રૂા. ૩ લાખની ઉપાચત

**મંડળીના સેક્રેટરી સામે પોલીસ ફરિયાદ વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૦ સુધીમાં ખોટા ખોટા બીલો ઉધારી ઉપાચત કરી**

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરાખાતે આવેલ દૂધ મંડળીમાં માજી સેક્રેટરી દ્વારા ૩ લાખ ૧૭ હજારની ઉચાપત કરતાં ચેરમેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં માજી સેક્રેટરી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ખાતે આવેલ દૂધમંડળી ના માજી સેક્રેટરી દશરથભાઇ શણાભાઇ પટેલ દ્વારા વર્ષ ૨૦૦૩થી ૨૦૧૦ સુધીમાં તેમણાં સાસણકાર દરમ્યાન તેવોએ ભાવફેર, દાનનુ કમીશન, કારોબારીનો પ્રવાસ તથા ગેસ કનેકશન ની રકમ મળી ને ખોટા ખોટા બીલો બનાવી દૂધમંડળીમાં રજુકરી પાસ કરી રૂપિયા ત્રણ લાખ સતરહજારની ઉચાપત કરી દેતા દૂધમંડળી ના ચેરમેન રાકેશ ભાઇ જયંતીભાઇ પટેલના ધ્યાને આવતાં તેમણે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં માજી સેક્રેટરી દશરથભાઇ શણાભાઇ પટેલ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસ દ્વારા ફરીયાદ લખી આગળની તપાસ હાથધરી છે.



**માલપુર રોડ પરથી કાર ચોકડીમાં ખાબકી -૪ મુસાફરોનો આબાદ બચાવ**

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના સહયોગ બાયપાસ ચોકડી નજીક શામળાજી-ગોધરા રાજય ધોરીમાર્ગ પર આનંદપુરા ગામની સીમમાં આવેલી ગ્રીનસીટી સામે માલપુર તરફથી શામળાજી તરફ જતી મારૂતિ ઓલ્ટો કાર (ગાડી નં. જી.જે. ૧ એચ.એસ - ૫૪૨૧) ના ચાલકે રોડ પર અચાનક પશુઓ આવી જતાં અકસ્માતથી બચવા જતા સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા રોડ સાઈડમાં રહેલી ઝાડી-ઝાંખરીઓ અને વરસાદી પાણીથી ભરેલી ચોકડીમાં ખાબકી હતી. 'રામ રાખે તેને કોણ ચાખે' યુક્તિ યથાર્થ ઠરતા કારમાં સવાર ૪ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ કારને અને કારમાં મુસાફરી કરી રહેલા ૪ વ્યક્તિઓને સલામત રીતે બહાર નીકળ્યા હતા. **તસવીર : જય અમીન, મોડાસા**

## પ્રાંતિજ તાલુકાના કાલીપુરનો યુવાન લાપતા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાલીપુરા ખાતે રહેતા ૨૮ વર્ષ નો યુવાન માનસિક રીતે બિમાર રહેતા ધરમાં કોઈને કહ્યા વગર રાત્રીના સમયે ધરેથી ચાલ્યો જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં યુવકના પિતા દ્વારા યુવક ની ગુમ થયાની ફરીયાદ કરવામાં આવી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના કાલીપુરા ખાતે રહેતા સંજય ભાઇ (ઉર્ફે જીગો ) અરવિંદભાઇ પટેલ ઉ.વર્ષ ૨૮ કે જેવો માનસિક રીતે બિમાર હોઇ ધરમાં કોઈને કાંઈ કીધા વગર રાત્રીના સમયે પોતાના ધરમાથી ૧૦/૩૦ કલાકે નિકળી જતાં ધરના સભ્યો દ્વારા આજુબાજુમાં તપાસ કરતાં ગામમાં કે અન્ય જગ્યાએ ભાળના મળતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પટેલ અરવિંદભાઇ ભીખાભાઇની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ફરીયાદ નોંધી ફતેપુર બીટ જમાદાર તરૂણ સિંહ દ્વારા તપાસ હાથ ધરવામાં આવીછે.

# પારપડા ખાતે શીતળા માતાનો લોકમેળો યાજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૪

પાલનપુર તાલુકાના પારપડા ગામ માં આજે શીતળા સાતમ નિમિત્તે શીતળા માતાના મંદિર ખાતે ભવ્ય લોક મેળો ભરાયો હતો. જેમાં ભકિતનું ઘોડાપુર ઉમટી પડયું હતું. અબાલ-વૃધ્ધ સૌ કોઈ શીતળા માતાના દર્શન કરી મેળો મહાલતા જોવા મળ્યા હતા.

પવિત્ર શ્રાવણ માસ એટલે તહેવારોની ઉજવણીનો માસ. શ્રાવણ વદ સાતમ એટલે શિતળા સાતમનો તહેવાર. આજના દિવસે પાલનપુર પંથકમાં ઠેર-ઠેર શીતળા સાતમની ઉમંગભેર ઉજવણી થાય છે. પાલનપુર તાલુકાના પારપડા ગામના -ચીન શ્રી શીતળા માતાના મંદિરે પણ આજે પરંપરાગત રીતે શીતળા માતાનો લોક મેળો ભરાયો હતો. આ લોકમેળામાં હજારો ભાવિક ભકતો ઉમટી પડયા હતા. જેઓએ શીતળા માતાની બાધા-આખડી પૂર્ણ કરી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શીતળા માતાના દર્શન બાદ પરિવાર સાથે આવેલા શ્રધ્ધાળુઓ અહીં ભરાતા મેળાને પણ મન મુકીને માણે છે. શીતળા સાતમ નિમિત્તે પાલનપુર, પારપડા અને રૂપાલ ખાતે પણ શ્રી શીતળા માતાનો ભવ્ય લોક મેળો ભરાય છે.

# ખેડબ્રહ્માના સેવા નિકેતનના માનદ્મંત્રીએ કલાર્ક તરીકે લાખો રૂપિયાનુ વેતન લીધું

**માનદ્મંત્રીની ગેરકાયદેસર નિમણૂક રદ કરવા એસ.એમ.સી.ના અધ્યક્ષે રજૂઆત કરી**

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્માના સેવાનિકેતન ટ્રસ્ટના માનદ્ મંત્રીની ગેરકાયદેસર નિમણૂક રદ કરવા ટ્રસ્ટના પ્રમુખ સહિત ટ્રસ્ટીઓને ટ્રસ્ટ સંચાલિત શાળાની એમ.એસ.સી. સમિતિના અધ્યક્ષે લેખિતમાં રજૂઆત કરી છે. આ અંગેની જાણ ચેરીટી કમિશનર અને કલેકટર સહિત સાત અધિકારીઓને જાણ કરવામાં આવી છે.

પોશીના તાલુકાના ગોલવાડાના રહીશ અને લાંબડીયાના માજી સરપંચ અને દેમતીની શ્રીકાન્ત આશ્રમ શાળાની એસ.એમ.સી. સમિતિના અધ્યક્ષ ટીકમાભાઈ ભીખાભાઈ પરમારે સેવાનિકેતન ટ્રસ્ટ ખેડબ્રહ્માના પ્રમુખને લેખિતમાં કરેલી રજૂઆત મુજબ સેવા નિકેતન ટ્રસ્ટ સંચાલિત કોટડા ઉ.બુ શાળામાં છેલ્લા સાત-આઠ વર્ષથી શંકરભાઈ એસ. પાંડોર સવેતન કલાર્ક તરીકે ફરજ બજાવે છે. તેમ છતાં ચેરિટી ટ્રસ્ટ સહિત સરકારના નિયમો તોડીને શંકરભાઈ પાંડોરને ટ્રસ્ટના માનદમંત્રી બનાવવામાં આવ્યા છે. શંકરભાઈ પાંડોરને માનદ મંત્રીની ફરજ સોપાયા પછી તેમની વહિટવી નબળાઈના કારણે ટ્રસ્ટમાં મોટું દેવું થયુ છે તે બાબત ગંભીર છે. માનદ્મંત્રી સંસ્થાની મિલકતનું રક્ષણ કરવા અસમર્થ રહેલ છે. માનદ્મંત્રી કોટડા શાળાની તેમની ફરજ માટે હાજર રહેતા નથી અને ભાડાના માણસો પાસે કામ કરાવી વર્ષોથી કલાર્ક તરીકેનો લાખો રૂપિયાનું વેતન મેળવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે.

આ અંગે સેવાનિકેતન ટ્રસ્ટના પ્રમુખ નરસિંહભાઈ કે. હઠીલા તથા ઉપપ્રમુખ ડૉ. જે. સી. પટેલે જણાવ્યું હતું કે શંકરભાઈ પાંડોરને માનદ્ મંત્રી તરીકે કોઈ વેતન ચુકવવામાં આવતું નથી તેઓ મંત્રી તરીકે માનદ્ સેવાઓ આપે છે.

# તલોદની ટ્રિનિટી શાળામાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૪

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં બુધવારના રોજ જન્માષ્ટમી (મટકી ફોડ) ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં તમામ વિભાગના વિદ્યાર્થીઓ રંગીન વસ્ત્રોમાં સજજ થઈને આવ્યા હતા. તેમના ચહેરા પર ભગવાન શ્રીકૃષ્ણના જન્મ દિવસની ઉજવણીનો આનંદ સ્પષ્ટ જોવા મળતો હતો. ભગવાન શ્રીકૃષ્ણના જીવન કવનની સુંદર વાતો શાળાના આચાર્ય અલ્પેશભાઈ પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ આર.એલ. પટેલ સાહેબ, શ્રી ડૉ. વસંતભાઈ સાહેબ તથા ડૉ. કીરીટભાઈ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો. સર્વે સ્ટાફ મિત્રોએ પણ ગરબા રમી ઉત્સવ ઉજવ્યો હતો.



ખેડબ્રહ્મા શહેરના અંબાજી હાઈવે પર આવેલ શિતળા માતાના મંદિરે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મેઢાસણ ગામે ભયજનક વીજ ડી.પી. ખસેડવા વીજ કંપનીના ઠાગાઠૈયા



**દૂધમંડળીથી નજીક ભયજનક ડી.પી.ના લીધે લોકોમાં ફફડાટ** (તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૪

મોડાસા તાલુકાના મેઢાસણ ગામે રહેણાંક અને દૂધમંડળીની સામે યુજીવીસીએલની જયોતિગ્રામ યોજનાની ઈલેકટ્રીક ડી.પી. આવેલી છે. આ ઈલેકટ્રીક ડી.પી.ની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલો છે. આ ઉપરાંત આ ડી.પી. ત્રણ ફુટ જેટલાં ઊંડા ખાડામાં આવેલી હોવાથી પાણીમાં ગરકાવ થઈ ગયેલી છે. અને વાયરો પણ પાણીમાં ડુબી ગયા છે તેમજ ડીપી ઝાડ અને વેલાઓથી ઘેરાઈ ગયેલી પણ છે. જેના લીધે આજુબાજુ રહેતા લોકો પર જીવનું જોખમ મંડાયેલું રહે છે. ઉપરાંત આ ડી.પી.ની નજીક દૂધમંડળી આવેલી હોવાથી દરરોજ લોકોની અવરજવર રહેતી હોય છે. જેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. આ અંગે દૂધમંડળીના ચેરમેન અને સાબરક ડેરીના ડિરેકટર કાન્તિભાઈ પટેલે જણાવ્યું હતું કે આ ભયજનક ડી.પી. યુજીવીસીએલ મોડાસા ખાતે વારંવાર લેખિત રજૂઆત કરવામાં આવી છે. લોકો પર જીવનું જોખમ હોવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરેલ નથી, તેમજ કોઈ દુર્ઘટના બનશે તો યુજીવીસીએલની જવાબદારી રહેશે તેવું જણાવ્યું હતું.

# ઈપલોડા ગામે ૭૨ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો : બુટલેગર ફરાર

ઈસરી, તા. ૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈપલોડા ગામની સીમમાંથી મેઘરજ પોલીસે મેક્સ ગાડીમાંથી ૭૨ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મેક્સ ગાડીનો ચાલક પોલીસની નાકાબંધીને જોઈને ફરાર થઈ જતા મેઘરજ પોલીસે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર મેક્સગાડી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

મેઘરજ પોલીસ સ્ટેશન દ્વારા આગામી શ્રાવણીયા ત્હોહારોને ધ્યાને રાખી મેઘરજ તાલુકાના આંતરીયાળ વિસ્તાર અને રાજસ્થાન સરહદને અડીને આવેલા ગામડાઓમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે દિવસ-રાત સઘન પેટ્રોલિંગની કાર્યવાહિ હાથ ધરાઈ હતી. મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. મોડિયા દ્વારા આંતરરાજ્યમાંથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં ઈપલોડા ગામની સીમમાં વિદેશી દારૂ ભરીને આવતી મેક્સ ગાડીનો ચાલક ગાડી ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો.

પોલીસે મેક્સ ગાડીની તલાશી લેતા ગાડીની અંદરથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂ, દેશી મદિરાના ક્વાટરીયા મળી કુલ નંગ ૮૭૬ રૂ. કિંમત ૭૧,૭૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મેઘરજ પોલીસે વિદેશી દારૂના જથ્થા સહિત મેક્સ ગાડી નં. જીજે૯બીબી-૫૦૧૫ની કિંમત રૂ. ૩૪૦૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૨૧,૭૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ભાગી છુટેલા ગાડી ચાલક વિરૂદ્ધ પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી મેઘરજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે ભક્તોની ભારે ભીડ ઉમટી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



મોડાસા, તા. ૪

પવિત્ર શ્રાવણ માસ પૂર્ણતાને આરે છે ત્યારે શિવભક્તો દેવાધિદેવ મહાદેવને રીજવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની દક્ષિણે આવેલા કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે મોટી સંખ્યામાં દર્શને ઉમટી, મહાદેવજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

શ્રાવણ માસ એટલે ભોળા શંભુને રીજવવાનો પર્વ, હિંદુ શાસ્ત્રો અનુસાર દેવોમાં સૌથી વધારે અને થોડી ભક્તિથી પ્રસન્ન થઈ જનારા દેવ ભોળા શંભુ છે અને એમાં પણ શ્રાવણમાં તો ભોળા શંભુની ભક્તિ અનેરું મહત્ત્વ ધરાવે છે. જો કોઈનું કામ ના થતું હોય તો આ માસમાં કોઈ પણ કામ સિદ્ધ થઈ જાય એવી છે માન્યતા. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માજુમ નદીના કાંઠે પવિત્ર અને રમણીય પ્રકૃતિની ગોદમાં બિરાજમાન શ્રી કાશી વિશ્વ નાથ મહાદેવ ભક્તો માટે આસ્થા મૂર્તિ છે. આ શિવાલયમાં લિંગ સ્વયંભુ નથી પરંતુ આ મંદિર ૭૦ થી ૮૦૦ વર્ષ પુરાણું હોવાની છે માન્યતા... દર શ્રાવણ માસમાં શિવભક્તોની મોટી ભીડ રહે છે.

શ્રાવણ માસ દરમિયાન ભક્તો પોતાની માન્યતા પૂરી કરવા માટે કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે આવે છે. તમામ શ્રદ્ધાળુઓ શિવલિંગ ઉપર દૂધ કે પાણીનો અભિષેક કરી બીલીપત્ર ચઢાવે છે. જે લોકો મંદિરમાં માથું ટેકવે છે તેની દરેક મનોકામના પૂરી થાય છે. મંદિરનું વાતાવરણ મનોરમ્ય છે, જાણે કે સ્વયં શિવજીની ગોદમાં બિરાજમાન હોવાની થાય છે અનુભૂતિ. પવિત્ર માજુમનો કિનારો અને સ્મશાન ઘાટની પાસે આવેલું કાશી વિશ્વનાથ મહાદેવના મંદિર ભક્તોની આસ્થાનું પ્રતિક છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં વિવિધ પ્રકારના હિંડોળા કરવામાં આવે છે.

ભોળા શિવજી જયાં હોય ત્યાં એમના નંદીનું સ્થાન પણ સવિશેષ હોય છે. મંદિરના ગર્ભગૃહમાં નંદી સતત શિવજીની સામે તેમની સેવામાં સજ્જ હોય તેવી અનુભૂતિ થાય છે. નાના નાના બાળકોથી માંડીને વૃદ્ધો નિયમિત રીતે શિવજીના દર્શને આવે છે. કાશી વિશ્વનાથ મહાદેવના મંદિર જેટલું પુરાણું છે તેટલી જ તેની મહાત્મયતા પણ અનોખી છે. દરેકનું ધાર્યું કામ પૂર્ણ શિવજી પુરા કરતા હોવાની માન્યતા છે. બીલીપત્ર શિવજીને ખુબ જ પ્રિય છે અને ગમતું મળી જાય તો પછી વાત જ કયાં... એટલે જ શિવજી ગમે તે શ્રદ્ધાળુની મનોકામના પૂરી કરી છે. સાંજની આરતી સમયે મંદિરનું વાતાવરણ શિવમય બની જાય છે.

# દલાલોએ સસ્તી જમીનની લાલચ આપી મોડાસાના રહીશને ૯.૪૫ લાખનો ચૂનો લગાવ્યો

**ધનસુરા પોલીસ સ્ટેશનમાં ૪ શખ્સો સામે ફરિયાદ**

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ગામના રહીશ અને જમીન દલાલી કરતા જમીન દલાલ અને અન્ય ત્રણ વ્યક્તિઓએ મોડાસાના એક રહીશને જમીન વેચવાની હોવા અંગેની જાણ કરી જમીનના ખોટી રીતે અલગ અલગ બહાના બતાવી રહીશ પાસેથી રૂ. ૯.૮૫ લાખ રૂપિયા પડાવી લઈ જમીનના બે માલિક એક દલાલ અને મહિલાએ ખોટા દસ્તાવેજો અને ખોટી સહિઓ બતાવીને આબાદ છેતરપીંડી કરાતા મોડાસાના રહીશે ૪ શખ્સો સામે ધનસુરા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા ધનસુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના માલપુર રોડ પર આવેલી તીરૂપતિ સોસાયટીમાં રહેતા કનુભાઈ નટવરભાઈ પ્રજાપતિ (મૂળ રહે. રમોસ, તા. ધનસુરા) એમની સાથે જમીન દલાલ અને અન્ય ૩ વ્યક્તિઓ છેતરપીંડી કરતા ધનસુરા પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી. તા. ૨૦-૨-૨૦૧૩ના રોજ ધનસુરા ખાતે કનુભાઈને તેમના જ ગામના શંકરભાઈ ભેમાજી ખાંટ અને કાન્તિભાઈ ભેમાજી ખાંટની જમીન સત્તાભાવે વેચવા બાબતે રમોસના જ જમીન દલાલી કરતા જમીન દલાલ પ્રકાશજી કનકાજી પરમારે આ જમીન કનુભાઈ પ્રજાપતિને ખરીદવા બતાવી હતી. કનુભાઈ પ્રજાપતિને જમીન ખેતીલાયક અને પીયત હોવાથી ખરીદવા રસ દાખવ્યો હતો. કનુભાઈએ રસ દાખવતાની સાથે જ જમીન દલાલે કરામત કરવાનુ ચાલુ કરી દીધુ હતુ અને કનુભાઈ પ્રજાપતિને દલાલે સાથે રહી શંકરજી ભેમાજી ખાંટ અને કાન્તિ ભેમાજી ખાંટ ખોટા દસ્તાવેજો કરી, ખોટી સહીઓ કરી અને શંકરજીની પત્નિ જ્યોત્સનાબેને પોતાનો ખોટો ફોટો ચોંટાડીને કનુભાઈ પાસેથી જમીનના વેચાણના બહાના બતાવીને ૯.૮૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. પરંતુ આ જમીન આજ દિન સુધી કનુભાઈ પ્રજાપતિના નામે થઈ નથી અને તે અંગે બીજી કોઈ કાર્યવાહિ આગળ વધી ન હતી તેથી કનુભાઈએ પોતે આબાદ છેતરાયા હોવાનું લાગતા કનુભાઈ પ્રજાપતિએ આ ચાર શખ્સો વિરૂદ્ધ તેમની સાથે છેતરપીંડી કરવા અંગે ધનસુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે શંકર ભેમાજી ખાંટ, કાન્તિ ભેમાજી ખાંટ, પ્રકાશજી કનકાજી પરમાર, જ્યોત્સનાબેન ખાંટ વિરૂદ્ધ આઈપીસી ૪૦૧, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ મુજબ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.